જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત રીફાઇન્ડ આયોડીનયુકત મીઠાનું વિતરણ પ્રમાણ વધારવા બાબત.

ગુજરાત સરકાર
અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રા. બા. નો વિભાગ
ઠરાવ ક્રમાંક : પીડીએસ/૧૦૨૦૦૦૮/૨૩૩૯/(પાર્ટ-૧) /ક
૧૪, સરદાર ભવન, પમો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૪/૦૮/૨૦૧૨

વંચાણે લીધા :-

૧. વિભાગનો સરખા ક્રમાંકનો ઠરાવ તા.૨/૦૯/૨૦૦૯

૨. વિભાગનો સરખા ક્રમાંકનો ઠરાવ તા.૧૫/૦૨/૨૦૧૨

આમુખ :-

ઉકત વંચાણે લીધેલ સંદર્ભ (૧) થી રાજયમાં એએવાય અને બીપીએલ લાભાર્થીઓને આયોડીનયુકત મીઠું કાર્ડદીઠ માસિક ૧ કિલો ગ્રામ, પ્રતિ કિલો ગ્રામ રૂ. ૧/- ના ભાવે વિતરણ કરવામાં આવે છે. ઉકત સંદર્ભ (૨) ના ઠરાવથી રાજયના એએવાય અને બીપીએલ કુટુંબોને ઉચ્ચ ગુણાવત્તાનું મીઠું એટલે કે, રીફાઇન્ડ આયોડીનયુકત મીઠું વિતરણ કરવાનું નક્કી કરેલ છે. જીલ્લા પુરવઠા અધિકારીશ્રીઓની માસિક બેઠકમાં એવું સૂચન થયેલ કે, ૬ વ્યક્તિ સુધી સભ્યસંખ્યા ધરાવતા રેશનકાર્ડધારક કુટુંબને ૧ કિલો ગ્રામ મીઠું અને ૬ વ્યક્તિઓથી વધુ સભ્યસંખ્યા ધરાવતા રેશનકાર્ડધારક કુટુંબને ૨ કિલો ગ્રામ મીઠું વિતરણ કરવું જોઇએ. આમ, કાર્ડદીઠ માસિક ૧ કિલો ગ્રામ મીઠાના બદલે સભ્યસંખ્યા આધારિત મીઠાનું વિતરણ પ્રમાણ વધારાવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

આમુખની વિગતે રાજયના એએવાય અને બીપીએલ કુટુંબો કે તેમના રેશનકાર્ડમાં ૬ વ્યક્તિ સુધીની સભ્યસંખ્યા ધરાવે છે તેમને પ્રતિમાસ ૧ કિલો ગ્રામના ધોરણે રીફાઇન્ડ આયોડીનયુકત મીઠું

વિતરણ કરવાનું રહેશે અને ૬ સભ્યથી વધુ સભ્યસંખ્યા ધરાવતા રેશનકાર્ડધારકોને પ્રતિમાસ ૨ કિલો ગ્રામ રીફાઇન્ડ આયોડીનયુકત મીઠું વિતરણ કરવાનું રહેશે.

૨. વિતરણ કિંમત ઉકત સંદર્ભ (૧) ના વંચાણે લીધેલ ઠરાવ પ્રમાણે યથાવત રહેશે.

૩. સદરહુ ઠરાવનો અમલ તા.૧/૯/૨૦૧૨ થી કરવાનો રહેશે.

૪. સદરહુ ઠરાવ નાણાં વિભાગની આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા.૬/૮/૨૦૧૨ થી મળેલ અનુમતી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(મુકેશ મોદી)
નાયબ સચિવ
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ,
ગુજરાત સરકાર.

નકલ સવિનય રવાના :

૧. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી., ગાંધીનગર.
૨. નિયામકશ્રી, અન્ન, નાગરિક પુરવઠા, સચિવાલય, ગાંધીનગર.
૩. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
૪. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ
૫. નાણાં વિભાગ, અંદાજપત્ર શાખા, સચિવાલય, ગાંધીનગર.
૬. નાણાંકિય સલાહકારશ્રી, અ.ના.પુ. અને ગ્રા. બા. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. સીલેકટ ફાઇલ.
૯. સીસ્ટમ મેનેજર (ઓનલાઇન મુકવા સારું )